

# ઊંદર જ ઊંદર

ચૂં ચૂં ચૂં ચૂં કરું છું,
ઘરમાં બધે ફરું છું;
બિલ્લી દેખી ડરું છું,
બોલો મારું નામ શું ?
ઊંદર મામા ઊંદર મામા!

ગણપતિ દાદાનું વાહન એટલે આપણા ઊંદર મામા ! ઊંદર એ કર્તનશીલ પ્રાણી છે. તેનાં વધતા જતા દાંતને ઘસવા માટે સતત તેણે કાંઈક ને કાંઈક કોતર્યા જ કરવું પડે ! ઊંદર સામાન્ય રીતે નિશાચર છે. અનાજ ઉત્પાદનનો જો કોઈ એક પ્રાણી સૌથી વધુ બગાડ કરતું હોય તો તે ઊંદર જ છે. બિલાડી-ઘુવડ-સાપ જેવા પ્રાણીઓ જો તેની વસતીને કાબુમાં ન રાખતા હોત તો ઊંદરની વસતી એટલી બધી વધી જાત કે કદાચ તે બધું જ સફાચટ કરી જાત! માખી-મચ્છર-ઊંદર જેવા પ્રાણીઓને મારવા માણસ જાતે જાત જાતના નુસખાઓ કર્યા છે પરંતુ તે ફાવી નથી. ''ઊંદર જ ઊંદર'' એ ઊંદરના ઉપદ્રવને કાબુમાં લાવવા માટેની ઊંદરમાર ઝૂંબેશમાં જંપલાવતા ચાર બાળવૈજ્ઞાનિક ભાઈઓની વાર્તા છે.

- શિશુ મિલાપ

# ઊંદર જ ઊંદર

જે.બી.એસ. હેલ્ડેન
રજૂઆત : અરવિંદ ગુપ્તા ○ અનુવાદ : દીપ્તિ રાજુ



શિશુ મિલાપ - વડોદરા

આ ચોપડીનું હિન્દીમાં પ્રકાશન ભારત જ્ઞાન વિજ્ઞાન સમિતિ દ્વારા 'રાષ્ટ્રીય સાક્ષરતા મિશન'ના સહયોગથી થયેલું. જન વાચન આંદોલન હેઠળ પ્રકાશિત આ ચોપડીઓનો હેતુ ગામડાંના લોકો અને બાળકોમાં વાંચવા - લખવામાં રસ પેદા કરવાનો છે.


ઊંદર જ ઊંદર : લેખક : જે.બી.એસ. હૈલ્ડેન

Undar ja Undar : J. B. S. Halden

રજૂઆત : અરવિંદ ગુપ્તા

અનુવાદ : દીપ્તિ- રાજુ



© સર્વાધિકાર સુરક્ષિત

ભારત જ્ઞાન વિજ્ઞાન સમિતિ



પુસ્તકમાળાના સંપાદક : અસદ જૈદી અને વિષ્ણુ નાગર

કાર્યકારી સંપાદક : સંજય કુમાર

રેખાંકન : ક્વેંટન બ્લેક

લેસર ગ્રાફિક્સ : અક્ષરનિર્માણ,
બી-૫, રંભા કોમ્પ્લેક્ષ,
ગુજરાત વિદ્યાપીઠ સામે, અમદાવાદ -૧૪

મુદ્રક : હિંગળાજ પ્રિન્ટર્સ, અમદાવાદ.

પ્રકાશન વર્ષ : ઑક્ટોબર, ૧૯૯૯

કિંમત : ૫.૦૦ રૂપિયા

---

પ્રકાશક :

શિશુમિલાપ,
૧, શ્રી હરી એપાર્ટમેન્ટ,
એક્ષપ્રેસ હોટલ પાછળ, અલકાપુરી,
વડોદરા -૩૯૦૦૦૭
ફોન : ૦૨૬૫ - ૩૪૨૫૩૯


# ઊંદર જ ઊંદર




---

**જે.બી.એસ. હૈલ્ડેન**

**રજૂઆત : અરવિંદ ગુપ્તા ० અનુવાદ - દીપ્તિ-રાજુ**

# ઊંદર જ ઊંદર

ઘણાં વર્ષો પહેલાની વાત છે. ઈંગ્લેંડમાં સ્મિથ નામનો એક માણસ રહેતો હતો. તેને શાકની દુકાન હતી. તેને ચાર દિકરાઓ હતા. સૌથી મોટા દિકરાનું નામ જ્યોર્જ હતું. મોટો થઈ તે તેના પિતાની દુકાન સંભાળશે તે વાત નકકી હતી.

શાળામાં તેણે વનસ્પતિશાસ્ત્રનો અભ્યાસ કર્યો. તેણે કોબીજની એકસો સત્તાવન જાતોનો અભ્યાસ કર્યો. પાલકની ૪૦ જાતો વિશે જાણકારી મેળવી. કોબીજમાં થનારી જુદી-જુદી ૪૦ પ્રકારની ઈયળોને ઓળખતા શીખ્યો. કોબીજ પર દેશી કિટનાશકોનો છંટકાવ કર્યો અને તેના પરિણામો આશ્ચર્યકારક પ્રાપ્ત થયા.

સાબુનું દ્રાવણ છાંટવાથી કોબીજમાંથી લાલરંગની ઈયળો બહાર નીકળી. તમાકુનો રસ છાંટતા કાબરચિતરી ઈયળો બહાર નીકળી. મીઠાનું દ્રાવણ છાંટવાથી જાડી-જાડી વાદળી ઈયળો બહાર નીકળી. જ્યારે તે મોટો થયો ત્યારે તેની શાકની દુકાન આખયે લંડન શહેરમાં પ્રખ્યાત થઈ ગઈ. તેની કોબીજમાં ક્યારેય ઈયળ કે જીવાત જોવા ન મળતી.

પરંતુ સ્મિથને એક જ દુકાન હતી, તેથી તેના બીજા દિકરાઓએ બીજા ધંધાઓમાં પોતાનું નસીબ અજમાવવાનું હતું. બીજા દિકરાને લોકો જીમ કહીને બોલાવતા હતા. ખરેખર તો તેનું નામ જેમ્સ હતું. તે અંગ્રેજીમાં હોંશિયાર હતો. તે શાળાની ફુટબોલ ટીમનો સુકાની(કેપ્ટન) હતો. તે હાથ






ચાલાકી અને જાદુના ખેલ બતાવવામાં પાવરધો હતો. શાળાના શિક્ષકો કેટલીયે વાર તેના તોફાનના શિકાર બનેલા.

એકવાર તેણે ચોકમાં કાણું પાડીને તેમાં દિવાસળીની સળી ખોસી દીધી. બીજા દિવસે જેવું શિક્ષકે બ્લેકબોર્ડ પર લખવાનું શરૂ કર્યું કે તે સળગી ઉઠી. પછી પાંચ મિનિટ સુધી વર્ગમાં અભ્યાસ ફરી શરૂ ન થઈ શક્યો.

બીજી એક વખત તેણે શાહીના ખડિયામાં મિથિલેટેડ સ્પિરીટ ભેળવી દીધું. એનું પરિણામ એ આવ્યું કે શાહી પેનમાં પકડાતી નહિ અને લખાતું જ નહિ. તેથી શિક્ષકે બધા ખડિયાની શાહી બદલાવવી પડી. તે દિવસે ફ્રેંચ ભાષાના વર્ગમાં કંઈ ખાસ અભ્યાસ ન ચાલ્યો.

આમ પણ જેમ્સને ફ્રેંચ ભાષા પ્રત્યે અણગમો હતો. પણ તેણે ક્યારેય મોટા તોફાનો નહિ કરેલા. ઉદાહરણ તરીકે તેણે ક્યારેય તાળામાં ઢીલો લોટ કે માટી નહોતા ભર્યા, કે શિક્ષકના ટેબલના ખાનામાં ક્યારેય મરેલા ઊંદર નહોતા મૂક્યા.

ત્રીજા દિકરાનું નામ ચાર્લ્સ હતું. તે ગણિત અને ઈતિહાસમાં ખૂબ હોંશિયાર હતો. તે તેની ક્રિકેટની ટીમમાં ડાબોડી બોલર પણ હતો. પણ એ જો કોઈ એક વિષયમાં કાબેલ હતો તો તે રસાયણશાસ્ત્ર અર્થાત્ કેમેસ્ટ્રી. શાળામાં એ એક માત્ર વિદ્યાર્થી હતો જેણે "પેરા ડીમિથાઈલ એમીનો બેંજલહીહાઈડ" બનાવ્યું હોય. આ રસાયણ બનાવવું ખૂબ અઘરૂં છે. ચાર્લ્સ

ખરાબમાં ખરાબ દુર્ગંધ પેદા કરી શકતો હતો, કારણ કે તે તેની રીતો જાણતો હતો. પરંતુ તે ખૂબ સારો છોકરો હતો. તેણે એવી હરકત ક્યારેય ન કરી. જો તે ખરાબ દુર્ગંધ પેદા કરત તો તેને કદાચ કેમિસ્ટ્રી ભણતો રોકી દેવામાં આવત. પરંતુ તે તો જીવનભર કેમિસ્ટ્રી જ ભણવા માંગતો હતો.




ચોથા દિકરાનું નામ હતું જેક. તે ભણવા ગણવામાં ખાસ હોંશિયાર ન હતો. રમત ગમત પણ સારી રીતે રમી શકતો ન હતો. તે ફુટબોલ ક્યારેય સીધો ન મારી શક્તો. ક્રિકેટ મેચમાં તે એકવાર ફિલ્ડીંગ કરતા કરતા સૂઇ ગયેલો. એ જો કોઇ એક વસ્તુમાં હોંશિયાર હતો તો તે વાયરલેસ.

તેણે તેના ઘરમાં એક વાયરલેસ સેટ બનાવેલો. ફકત તેના વાલ્વ જ બજારમાંથી લાવેલો. તે વાલ્વ બનાવવાનું શીખતો હતો. તેના નાની ખૂબ ઘરડાં હતાં. તેમનું નામ મટિલ્ડા હતું. લંડનથી ડોવેર સુધીની રેલ તેઓ નાના હતા ત્યારે બનેલી. તેઓ હરીફરી શકતા નહોતા. આખો દિવસ પલંગ પર સૂઇ રહેતા. જેકે તેમના માટે એક જોડી 'ઇયરફોન' બનાવેલા. તેને કાનમાં રાખીને નાની આખો દિવસ સંગીત સાંભળ્યા કરતા.




જેક વીજળીની બધી જ વસ્તુઓ બનાવવામાં કાબેલ હતો. તેણે એક વખત વીજળીના



મીટરમાં કંઇક એવી વસ્તુ ગોઠવી કે જેના કારણે પંખા અને લાઇટ ચાલતાં પણ મીટર આગળ ન વધતું. એક અઠવાડિયા સુધી તેનું રિડીંગ એક જગ્યાએ અટકી રહ્યું. જ્યારે તેના પિતાને એ વાતની ખબર પડી ત્યારે તેઓ ખૂબ નારાજ થયા. તેઓએ કહ્યું, "આપણે આવા ખોટા કામો ન કરીએ, આપણે વીજળીની ચોરી ન કરીએ."




"મારા ખ્યાલથી આમાં કોઇ ચોરી નથી." જેકે જવાબ આપ્યો. "એક તો વીજળી સરકાર આપે છે, માણસ નહી. બીજી વાત એ કે વીજળી બલ્બમાં થઇને મેઇન લાઇનમાં પાછી જતી રહે છે. આપણે ક્યાં વીજળીને આપણી પાસે રાખીએ છીએ, આપણે તો થોડીવાર માટે ઉધાર લઇએ છીએ!"

પરંતુ તેના પિતા ન માન્યા. તેઓએ મીટર પર ગોઠવેલી વસ્તુ કાઢી નાખવાનું જેકને કહ્યું. તેઓ પ્રામાણિક માણસ હતા, તેથી તેમણે વીજળી કંપનીને નુકસાની પણ ભરી આપી.

સ્મિથને એક દિકરી પણ હતી. તેનું ખરૂં નામ તો લૂસેલ હતું. પણ લોકો તેને પજી કહેતા હતા. બાળપણમાં તેના દાંત બહાર નીકળેલા હતા. પછી તે તેના સ્થાને આવી ગયેલા.

એ વખતે લંડનના બંદર પર ઊંદરોએ ખળભળાટ મચાવી દીધો હતો. તે ખૂંખાર જાતિના ઊંદરો હતા. તેઓના દાદા પરદાદા ચા, આદુ, રેશમ અને ચોખાના કોથળાઓમાં સંતાઇને સ્ટીમરમાં હોંગકોંગથી અહીં આવેલા. ઈંગ્લેંડમાં અનાજ ઓછું પેદા થતું હતું. તેથી મોટા ભાગની ખાવાની ચીજવસ્તુઓ બીજા દેશમાંથી મંગાવવી પડતી. વિદેશોમાંથી આવેલો ખાવાનો માલ ઊંદરો ઝાપટી જતા.

તેઓ કેનેડાના ઘઊં અને હોલેંડનું પનીર ખાઇ જતા. તેઓ ન્યુઝીલેંડથી આવેલું માંસ અને આર્જિન્ટિનાના તાજા ફળ ખાઇ જતા. તેઓ ઈરાનથી આવેલા સુંદર ગાલીચાને કોતરી કોતરીને પોતાના દરમાં લઇ જતા અને ત્યાં તેમાંથી તેમની પથારી બનાવતા. ખાવાનું ઝાપટી લીધા પછી ચીનથી આવેલા રેશમી રૂમાલોથી પોતાના હાથ-મોં લૂછી નાંખતા.

લંડનના બધા બંદરના મુખ્ય અધિકારીને લંડન પોર્ટ એથોરિટીના ચેરમેન કહે છે. આ એક બહુ મોટો હોદ્દો ગણાય છે. ચેરમેનની ઓફિસની જાહોજલાલી ઈંગ્લેંડની મહારાણીના મહેલની જાહોજલાલી કરતાં જરાય ઊણી ઉતરતી ન હતી. આ ઊંદરોથી ચેરમેન ખૂબ હેરાન પરેશાન હતા. બહારથી આવતો બધો માલ બંદર ઉપર ઉતરતો. જ્યાં સુધી બધો માલ ટ્રક, ટ્રેઈન કે અન્ય વાહનમાં રવાના ન થતો ત્યાં સુધીની બધી જવાબદારી ચેરમેનની રહેતી. એટલે જે માલ ઊંદર ખાઇ જતા તેની નુકસાની ચેરમેને આપવી પડતી.

તેઓએ લંડનના સૌથી ખ્યાતનામ ઊંદર પકડવાવાળાને બોલાવ્યો. પરંતુ તે પણ સો બસો ઊંદરો જ પકડી શક્યો. તેનું કારણ એ હતું કે ઊંદરો બેહદ ચાલાક હતા. તે ઊંદરોનો રાજા જમીનની અંદર એક ખૂબ ઊંડા દરમાં રહેતો હતો. બાકીના ઊંદરો તેના માટે એક એકથી ચઢિયાતા પકવાનો લઇ આવતા હતા.






તેના માટે સ્વીટ્ઝરલેંડની ક્રીમ ચોકલેટ, ફ્રાંસથી આવેલ માંસની વાનગીઓ અને અલ્જેરિયાથી આવેલ પાકેલા ખજૂર લઇ જવામાં આવતા. બધા ઊંદરો તેમના રાજાનો આદેશ માનતા. જો કોઇ ઊંદર પકડાઇ જતો, તો રાજાના વિશેષ દૂત બાકીના ઊંદરોને ભયની જાણ કરી દેતા.

રાજાની પાસે દસહજાર બહાદૂર અને હિંમતવાન ઊંદરોની ફોજ હતી. આ સેનામાં કોઇપણ જાનવરનો મુકાબલો કરવાની હિંમત હતી. એક કૂતરૂં એક બે ઊંદર આરામથી મારી શકે, પરંતુ તેની પર એક સાથે સો ઊંદરો હૂમલો કરે તો તે કદાચ ત્રણ-ચાર ઉંદરોને જ મારી શકે અને પોતે જ શહીદ થઇ જાય.

જે ઊંદરોના સૌથી વધુ અણીવાળા દાંત હોય તેઓને એન્જિનિયર બનવાની તાલિમ આપવામાં આવતી. તે ઊંદરો તેમના તીક્ષ્ણ દાંતથી ઊંદર પકડવાના પાંજરાના તાર કાપી નાંખતા, અને અંદર કેદ થયેલ ઊંદરને મુક્ત કરતા.

એક મહિનામાં આ ઊંદરોએ એકસો એક્યાસી બિલાડીઓ અને ઓગણપચાસ કૂતરાઓને મોતને ઘાટ ઉતારી દીધા. કેટલાક કૂતરા કે બીલાડી તો એટલી હદ સુધી ઘાયલ થએલા કે તેઓને જો ઊંદરની ગંધ ક્યાંયથી પણ આવી જાય તો બીકના માર્યા ત્યાંથી ભાગી છૂટતા. આ એન્જિનિયરોએ સાતસો બેંતાલીસ ઊંદરોને છસો અઢાર પાંજરામાંથી મુક્ત કરાવેલા.

એનું પરિણામ એ આવ્યું કે ઊંદર પકડવાવાળાઓએ ઊંદર પકડવાનો ધંધો છોડી દીધો.

કેમિસ્ટની દુકાનેથી જુદી જુદી જાતની ઊંદર મારવાની દવાઓ લાવવામાં આવી. તેને ખાવાની વસ્તુઓમાં ભેળવીને આખા બંદર ઉપર ઠેક ઠેકાણે મૂકવામાં આવી. રાજા ઊંદરે તરત આદેશ આપ્યો."ઊંદરો કેવળ એ જ ખાવાનું ખાય જે સીધા કોથળા, ડબ્બા કે પીપમાંથી કાઢવામાં આવેલું હોય."

એની અસર એ થઇ કે કેવળ એ જ ઊંદરો મર્યા જેઓએ રાજાની



વાત નહોતી માની. કેટલાક ઊંદરોએ તો આવા અરાજક ઊંદરોના મોત માટે આનંદ પણ મનાવ્યો. કૂતરા, બિલાડી, પાંજરાની જેમ ઝેર પણ ઊંદરોને મારી ન શક્યું.

તેનાથી થાકીને લંડન પોર્ટ એથોરિટીના ચેરમેને એક મોટી મિટીંગ બોલાવી. તેમણે બધાને પૂછ્યું,"આ ઊંદરો પર કાબૂ મેળવવા તમે કોઇ ઊપાય સૂચવશો?"

વાઇસ ચેરમેને તેના માટે  છાપામાં એક જાહેરખબર આપવા જણાવ્યું. બીજા અઠવાડિયે બધા છાપાઓમાં જાહેરખબર છપાઇ. જાહેરખબર આખા પાનાની હતી. એકદમ મોટા અક્ષરોમાં છપાએલી, જેથી ઈંગ્લેંડના બધા નાગરિકો તેને વાંચી શકે. મિ. સ્મિથના કુંટુંબના બધા સભ્યોએ જાહેરાત ખૂબ રસપૂર્વક વાંચી. માત્ર નાની મટિલ્ડા ન વાંચી શકતી, કારણકે તે ક્યારેય છાપું ન વાંચતી. તે બધી જાહેરાતો રેડિયો પર જ સાંભળતી હતી.

આ જાહેરાત સામે છાપામાં છપાએલી બાકીની બધી જાહેરાતો એકદમ વામણી લાગતી હતી. લંડન પોર્ટ એથોરિટીના ચેરમેને બંદરને ઊંદર મુક્ત કરાવનાર માટે એક લાખ પાઉન્ડ ઈનામ જાહેર કરેલું.  સાથે પોતાની એકની એક દિકરીને પણ તેની સાથે પરણાવવાની વાત કરેલી.



(જો વ્યક્તિ પરણેલી હશે તો તેને બીજા લગ્નની મંજૂરી નહીં મળે- પણ તેની પત્નીને હિરાની એક બંગડી ભેટ આપવામાં આવશે.)

જાહેરાતમાં  કાગળની નોટો નહીં  પણ એક લાખ પાઊંડ સોના મહોરો બતાવવામાં આવી હતી. ચેરમેનની દિકરીનો ફોટો પણ છાપવામાં આવ્યો હતો. તે ખૂબ દેખાવડી હતી. એ આસમાની આંખોવાળી છોકરીના વાળ વાંકડિયા અને સોનેરી હતા. તે વાયોલીન ખૂબ સુંદર વગાડતી, તેણે તરણસ્પર્ધામાં અને સ્કેટીંગમાં ઘણા ઇનામો જીતેલા.

ઊંદર પકડવાની હરિફાઇમાં તેને પકડવા-મારવાની બધી સાધન સામગ્રી તેમાં ભાગ લેનારે જાતે જ લાવવાની હતી, એટલે આ સ્પર્ધામાં ભાગ લેવાનું ખૂબ મોંઘુ પડે તેમ હતું. આમ છતાં હજારો લોકોએ તેમાં પોતાનું ભાગ્ય અજમાવ્યું. બીજે દિવસે જ ચેરમેન પર એટલી બધી ટપાલો આવી કે તેને લઈ આવવા માટે બીજા ત્રણ ટપાલીની જરૂર પડી. ચેરમેનને એટલા બધા લોકોએ ફોન કર્યા કે અંતે ટેલિફોનના તાર ગરમ થઈને ઓગળી ગયા!

પછીના કેટલાય મહિનાઓ સુધી બધાં લોકો પોતાનું ભાગ્ય અજમાવતા રહ્યા. કેમિસ્ટ, જાદૂગર, વૈજ્ઞાનિક, પ્રાણીશાસ્ત્રી, સાધુ-મહાત્માઓથી માંડીને વાઘના શિકારી સુધીના લોકો તેમાં શામેલ થએલા. પરંતુ એકપણ મહારથી થોડા અમસ્તા ઊંદરોને મારવાથી વધારે કંઇ ન કરી શક્યા. આ બધાની દખલને કારણે જહાજમાંથી માલ બંદર પર ઊતારવામાં ઘણી મુશ્કેલીઓ ઊભી થવા લાગી. એ જ કારણે ઘણી બધી મકાઇ લંડનના બદલે બીજા બંદર પર મોકલવી પડી.

નસીબ અજમાવનારાઓમાં જિમ, ચાર્લ્સ અને જેક સ્મિથ પણ હતા. જિમે એકદમ મામૂલી પાંજરું બનાવવાનું વિચાર્યું. શાળામાં જેવી રીતે શિક્ષકોને ફસાવતો હતો તેવી જ રીતે ઊંદરોને ફસાવવાનું નક્કી કર્યું. તેને બંદરની આસપાસ જૂના ટીનના ડબ્બા પડેલા દેખાયા. તેણે તે જ ડબ્બાઓમાંથી ઊંદર પકડવાના ખાસ પ્રકારના ડબ્બા તૈયાર કર્યા. ડબ્બાની અંદરની સુગંધથી આકર્ષાઇને ઊંદર અંદર જાય ખરા, પરંતુ ટીનના ઉપરના

ભાગમાં એક એવા પ્રકારનું ઢાકણ હતું જે ઉંદર અંદર જાય એટલે બંધ થઈ જતું. પછી ઊંદર તેને ખોલી શક્તા નહીં, એથી ઊંદર બહાર ન આવી શક્તા.

જિમ તેના નવરાશના સમયમાં ડબ્બા બનાવ્યા કરતો. આ કામ માટે તેણે તેના પિતા પાસેથી ૧૦ પાઉન્ડ ઊછીના પણ લીધા. ટીનના ડબ્બા બનાવનાર એક બેકાર મિસ્ત્રીને પણ તેણે આ કામમાં જોતરી દીધો. અંતે બધા મળીને તેઓએ એક હજાર ત્રણસો ચોરાણું ડબ્બા તૈયાર કર્યા. તેમાંથી સત્તર ડબ્બા નબળા રહી ગયા જેથી તેને છોડી દીધા.

જિમે બધા ડબ્બા તેના પિતાની શાકની લારી પર ગોઠવ્યા અને લઈને વાઈસ ચેરમેનને મળવા નીકળી પડ્યો. 'ઊંદર મારો અભિયાન'ની દેખરેખ વાઈસ ચેરમેન જ કરતા. તેમણે કહ્યું, ''આટલા ડબ્બા બધા બંદરો માટે ઓછા પડશે એટલે આપણે પહેલાં એક બંદર પર જ તેનો ઉપયોગ કરીશું.''

તેના માટે 'વેસ્ટ-ઈન્ડિયા' નામનું બંદર પસંદ કરવામાં આવ્યું. ત્યાં જમૈકા અને તેની આસપાસના ટાપુઓ પરથી જહાજ આવતા. તે જહાજ ખાંડ, રમ, ચાસણી અને કેળા લાવતા. અહીંના ઊંદર ખૂબ ચબરાક હતા. ચાસણીના ડ્રમમાં કે અન્ય વસ્તુઓના કોથળામાં આવ-જા કરવી તે તેમના માટે ડાબા હાથનો ખેલ હતો. ક્યારેક કેટલાક ઊંદર ચાસણીમાં ફસાઈ જતા અને ત્યાં જ મરી જતાં. એટલે અહીંના ઊંદર કૂદવામાં - ફલૉંગ મારવામાં ઊસ્તાદ બની ગયાં હતાં.

જિમે અડધા ડબ્બાઓમાં પનીર અને અડધામાં માંસના ટુકડા રાખ્યા. પહેલી રાતે નવસો અઢાર ઊંદરો પકડાયા. એનાથી જિમ ખૂબ ખુશ થયો. તેને થયું કે તે જરૂર ઈનામ જીતી જશે. પરંતુ બીજી રાત્રે માત્ર ત્રણ જ ઊંદરો પકડાયા, અને ત્રીજી રાત્રે માત્ર બે.

રાજા ઊંદરે બધા ઊંદરોને ટીનના ડબ્બાથી દૂર રહેવાની સૂચના આપી દીધી હતી. એટલે માત્ર બેવકૂફ અને આજ્ઞા નહિ માનનારા ઊંદરો જ પકડાયા.





ચોથી રાત્રે ડબ્બાઓને 'વિક્ટોરીયા' બંદર પર લઈ જવામાં આવ્યા. ત્યાં માત્ર ચાર જ ઊંદર પકડાયા. રાજા ઊંદરની ચેતવણી દૂર દૂર સુધી પહોંચી ગઈ હતી. જિમ ખાસ કશા ઊપાય કરી ન શક્યો. તેનું મોં પડી ગયું, અને ઘેર પાછો ફર્યો. સમય બગાડવાની સાથો સાથ તેણે તેના પિતાના દશ પાઉન્ડ પણ ગૂમાવ્યા. શાળાના તોફાની છોકરાઓ જિમને 'ટીનનો ઊંદર' કરીને ખીજવવા માંડ્યા.

ચાર્લ્સ સ્મિથની યોજના કંઈક જુદી હતી. તેણે એક એવા ઝેરની શોધ કરી જેમાં નહતો કોઈ સ્વાદ કે નહતી કોઈ સુગંધ. હું તમને એ બનાવવાની રીત નહીં બતાવું, કારણ કે શક્ય છે કે કોઈ હત્યારો આ વાર્તા વાંચી તે ઝેર બનાવી કેટલાય લોકોને મારી નાખે. ચાર્લ્સે ઘણું બધું ઝેર તૈયાર કર્યું. એણે ઘણાંબધાં રસાયણો ભેગા કરી એક પદાર્થ તૈયાર કર્યો જેમાંથી 'રાકફોર્ટ' પનીરની સુગંધ આવતી હતી. બધા લોકો જાણતા હતા કે રાકફોર્ટ પનીર ફ્રાંસનું સૌથી વધુ પ્રખ્યાત પનીર છે. એ પદાર્થનું નામ 'મિથાઈલ હેપ્ટાડેસાઈલ કીટોન' હતું અને તેમાંથી એકદમ પનીરની સુગંધ આવતી હતી.

ઊંદરોને આ સુગંધ બહુ ગમે. ચાર્લ્સે તેના પિતા પાસેથી વીસ પાઊન્ડ ઊછીના લીધા. એ સસ્તું અને ખરાબ જાતનું ઘણુંબધું પનીર ખરીદી લાવ્યો. તેના નાના નાના ટુકડા કર્યા. તે પનીરને ઝેરમાં ડુબાડ્યું. પછી પનીર પર રાકફોર્ટ પનીરની સુગંધ છાંટી. આ ટુકડાઓને દસ હજાર પૂંઠાના ખોખાઓમાં મૂક્યાં. તેને થયું ટુકડા છૂટા વેરી દેવાથી ઊંદરોને કદાચ શંકા જાય- પરંતુ ખોખામાં પેક કરવાથી પનીર ઝેરવાળા છે તેવી શંકા કયા ઊંદરને જશે?

ખોખા પાતળા પૂંઠામાંથી બનાવેલા જેથી ઊંદર સહેલાઈથી અંદર જઈ શકે. લારી પર મૂકી મૂકીને આખો દિવસ ખોખાઓને બંદરના ખૂણે ખૂણે લઈ જવામાં આવ્યા. ચાર્લ્સ લારીની પાછળ પાછળ જતો અને પનીરની સુગંધ તેના પર છાંટતો. એ દિવસે લંડનનો પૂર્વભાગ પનીરની સુગંધથી મહેંકી ઊઠ્યો.

સૂર્યાસ્ત પછી ઊંદરો પોતાના દરમાંથી નીકળ્યા. તેઓએ એકબીજાને કહ્યું, 'આ તો કોઈક ગજબનું પનીર લાગે છે. તેના એક નાના ખોખાની સુગંધ એક પેટી ભરીને પનીર હોય તેની સુગંધ કરતાંય ઘણીબધી વધારે આવે છે.'

ઊંદરોએ ધરાઈ ધરાઈને પનીર ખાધું. તેઓ થોડું પનીર રાજા ઊંદરના ભોજન માટે પણ લઈ ગયા. સદ્નસીબે રાજા ઊંદરે એ વખતે જ પેટભરીને બદામ અને અખરોટ ખાધેલા. તેના પેટમાં બિલકુલ જગ્યા ન હતી.

ઝેરની અસર થતાં થોડીવાર લાગી. રાત્રે ત્રણ વાગ્યાથી ઊંદરો મરવાની શરૂઆત થઈ. રાજા ઊંદરને પનીર પર શંકા ગઈ. તેણે પોતાના દૂતો મારફત પનીર નહિ ખાવાનો સંદેશો ઠેરઠેર પહોંચાડી દીધો.

એક દુષ્ટ ઊંદર ત્યાં રહેતો હતો. પોતાના બચ્ચાં ખાઈ જવાના આરોપસર તેને મોતની સજા મળેલી. રાજા ઊંદરે તેને થોડું ઝેરી પનીર ખાવાનો આદેશ આપ્યો. થોડીવારમાં તેના રામ રમી ગયા. તેનાથી પનીર ઝેરી છે તેની પાકી ખાતરી થઈ ગઈ. હવે રાજાએ બીજા દૂતો મારફતે પોતાનો સંદેશો મોકલ્યો. બીજા દિવસે સવારે ચાર હજાર પાંચસો પંદર ઊંદર મરેલા



નીકળ્યા. બધા ઊંદર દરમાંજ મરેલા પડેલા. કેટલાક ઊંદરોની તબિયત ખરાબ હતી.

ચેરમેન આ જોઈ બહુ ખુશ થયા. તેમને ચાર્લ્સને બીજું પનીર ખરીદવા માટે પૈસા આપ્યા. પરંતુ બે દિવસ પછી આઠ હજાર ડબ્બાઓમાંથી માત્ર બે જ ડબ્બા ખુલ્લા મળ્યા. વાત સાવ સ્પષ્ટ હતી. ઊંદર માણસ કરતાં વધારે ચાલાક નીકળ્યા.

ચાર્લ્સ ખૂબ દુઃખી થયો. તે જીતશે જ એવો તેને પાકો વિશ્વાસ હતો. તેણે તો સોનીને વીંટી માટે તથા ચર્ચના પાદરીને લગ્ન કરાવવાનો પત્ર પણ લખી નાખેલો. તેણે સોની અને પાદરીને ફરી પત્ર લખ્યો કે તેણે હવે લગ્ન કરવાનો ઈરાદો બદલી નાખ્યો છે. ખરાબ તો એ થયું કે પનીરની સુગંધ મહિનાઓ સુધી તેના શરીર સાથે જાણે ચોંટી રહી. શાળાએ તેને પાછો લેવાનો ઈન્કાર કર્યો. ઘરમાં પણ તેણે કોલસાની ઓરડીમાં સૂવું પડતું.

અંતે જેકે તેની યોજના બનાવી. તેમાં ખર્ચો ઘણો વધારે હતો. તેણે તેના પિતા પાસેથી ત્રીસ પાઊન્ડ ઊછીના લીધા. પણ એ કાંઈ પુરતા ન હતા. તેણે કેટલાક વાયરલેસ સેટ વેચ્યા અને બીજા કેટલાક પૈસા મારી પાસેથી ઊછીના લીધા. ધીરે ધીરે તેની પૈસાની આવશ્યકતા પૂરી થઈ.

તેણે ઘણો બધો લોખંડનો બારીક પાવડર ખરીદ્યો. તેને લોટ અને ખાંડમાં ભેળવી બિસ્કીટ બનાવડાવ્યાં. બિસ્કીટ બંદર ઊપર ઠેરઠેર વિખેરી દેવામાં આવ્યા. શરૂઆતમાં તો શકના કારણે ઊંદરો તેને અડ્યા નહિ. પરંતુ પછી તેઓને બિસ્કીટમાં કોઈ નુકસાન ન લાગ્યું તેથી ખાવા લાગ્યા.

આ દરમ્યાન જેકે સાત મોટા મોટા વીજળીના ચુંબકો તૈયાર કર્યા. તેને જુદા જુદા બંદરો પર ગોઠવવામાં આવ્યા. પછી વીજળીના તાર પાથરવામાં આવ્યા. વીજળીના કરંટથી ચુંબકો ચાલુ કરવામાં આવ્યા.

સંજોગવસાત્ રેલ્વેનો ઈલેક્ટ્રીક ઈન્જિનિયર જેકનો મિત્ર હતો. બંનેને વાયરલેસમાં ખૂબ રસ હતો. દોસ્તીના લીધે જેકને રેલ્વેમાંથી વીજળી ઊધાર લેવામાં મુશ્કેલી ન પડી. જ્યારે ઊંદરોએ લોખંડનો ઘણો બધો પાવડર ખાઈ

લીધો ત્યારે ચુંબકોમાંથી કરંટ પસાર કરવામાં આવ્યો.

એ પહેલાં લોખંડ, સ્ટીલ અને નીકલની બધી વસ્તુઓ બાંધી દીધી. બધા વહાણો લોખંડના બનેલા હોય છે તેથી તેને પણ મોટા મોટા દોરડાઓથી ખેંચીને બાંધી દેવામાં આવ્યા. એ દિવસે બંદર પર નોકરી કરવા આવેલા કર્મચારીઓએ ખીલ્લીઓ વગરના બૂટ પહેરવા પડ્યા. વાઈસ ચેરમેનની વાત જૂદી હતી. તે ઉમરાવ હતો. તેના બૂટમાં સોનાની ખીલ્લીઓ લગાડવામાં આવી હતી.

અડધી રાતે દોઢ વાગ્યા પછી લંડનની બધી ભૂગર્ભ ટ્રેનોનો સમય પૂરો થયો ત્યારે ટ્રેનો દોડાવવામાં જે કરંટ વપરાતો હતો તે બધો કરંટ વિદ્યુત ચુંબકમાં વહેડાવવામાં આવ્યો. પહેલાં તો કેટલાક ખીલ્લીઓ અને ટીનના ડબ્બા જ તેના તરફ આકર્ષિત થયા. પછી કેટલાક ઊંદરો પણ આવી આવીને ચોંટી જવા લાગ્યા. જે ઊંદરોના પેટ લોખંડના પાવડરથી ભરાએલા હતા તે ઊંદર ચુંબક તરફ ખેંચાવા લાગ્યા.

થોડી વારમાં જ ચુંબકવાળો ખાડો ઊંદરોથી ખીચોખીચ ભરાઈ ગયો. પહેલો ખાડો ભરાઈ ગયા પછી બીજા ખાડામાં કરંટ છોડવામાં આવ્યો. આ રીતે વારાફરતી બધા ચુંબકોમાં કરંટ છોડવામાં આવ્યો.

પહેલાં તો એ જ ઊંદરો ચુંબકની લપેટમાં આવ્યા જે દરની બહાર હતા. ફરી બધાં જ ચુંબકમાં થોડી થોડી વાર કરંટ પસાર કરવામાં આવ્યો. હવે જેમ જેમ ઊંદર દરમાંથી બહાર નીકળતા ગયા તેમ તેમ ઝડપથી ચુંબક દ્વારા ખેંચાવા લાગ્યા. ધીરે ધીરે કરતાં ઘણા બધા ઊંદરો પકડાઈ ગયા.

કંઈક ગરબડ ઉભી થઈ છે તેનો આભાસ રાજા ઊંદરને થઈ ગયેલો. તેને લાગતું હતું કે તે પોતે પણ દરની દિવાલો તરફ ખેંચાઈ રહ્યો છે. તેણે તેના દૂતોને બહાર મોકલ્યા પરંતુ તે દૂત પાછા ન ફર્યા. અંતે બહારની હલચલ જાણવા તે જાતે જ બહાર નીકળ્યો. ચુંબકે તેને પણ ખેંચી લીધો.



સવાર થતાં જ બધા ખાડાઓ પાણીથી છલોછલ ભરી દેવામાં આવ્યા જેથી બધા ઊંદર ડૂબીને મરી જાય. મરેલા ઊંદરોને જ્યારે તોલવામાં આવ્યા ત્યારે તેમનું વજન એકસો પચાસ ટન થયું. મરેલા ઊંદરો કોઈએ ગણ્યા તો નહિ છતાંય લગભગ સાડાસાત લાખ ઉંદરો પકડાયા હશે.



ઊંદર પકડો અભિયાન દરમ્યાન કેટલીક દુર્ઘટના પણ સર્જાઈ. રાતે નોકરી પર આવેલ એક ચોકીદાર ખીલી વગરના બૂટ પહેરવાનું ભૂલી ગયો. પગથી તે ચૂંબક તરફ ખેંચાવા લાગ્યો. ખાડા સુધી પહોંચતાં પહોંચતા તેણે કોઈક રીતે પોતાના બૂટ ઉતારી દીધા. તેમ છતાં તેના પગની આંગળીઓએ બે ઉંદર લટકી ગયા. ઉંદરોને ચુંબકે એટલા જોરથી ખેંચ્યા કે ઉંદરો સાથે તેની બે આંગળીઓ પણ છૂટી પડીને ચુંબક સાથે ચોંટી ગઈ. એ ચોકીદાર હવે નાના કદના બુટ પહેરે છે.

બીજા ચોકીદારનું નસીબ કંઈક સારું હતું. વિશ્વયુદ્ધ પહેલાં તે બિલિયર્ડનો સારો ખેલાડી હતો. લડાઈ દરમ્યાન તેના માથામાં કેટલાક છરા ઘૂસી ગયા હતા. ઘણા બધા પ્રયત્ન પછી પણ કોઈ ડૉક્ટર તે છરા કાઢવામાં સફળ ન થયા. તેના કારણે તે બિલિયર્ડ નહોતો રમી શકતો. પરંતુ જેવો જેકે ચુંબકમાં કરંટ પસાર કર્યો કે તરત જ તેના માથામાંથી છરા બહાર આવી ગયા. છરા કાઢી લીધા પછી તેનું મગજ બીલિયર્ડ રમવા ફરી સક્ષમ બની ગયું. હવે એ ચોકીદાર બિલિયર્ડનો ચેમ્પીયન બની ગયો છે.

બીજી રાતે પણ ચુંબકોમાં વીજળી પસાર કરવામાં આવી. આ વખતે સો ટન ઊંદર પકડાયા. રાજા ઊંદર પહેલા જ મરી ગયો હતો એટલી બાકીનાને સાચો રસ્તો બતાવનાર કોઈ જ નહોતું. ત્રીજી રાતે પણ ઘણા બધા ઊંદર પકડાયા. એ પછી જે કાંઈ બચ્યા હતા તે આમ તેમ ભાગી ગયા.

કેટલાક ઊંદરો લંડન શહેરમાં પલાયન થઈ ગયા. ત્યાંના લોકોને પરેશાન કરી મૂક્યા. પરંતુ બંદર પર એક પણ ઊંદર ન રહ્યો. સઘળા પ્રયત્નો છતાં ચોથી રાત્રે એક પણ ઊંદર હાથ ન આવ્યો. પછીના કેટલાક દિવસો સુધી કૂતરા અને બિલ્લીઓની મદદથી ઊંદર પકડવાના પ્રયત્નો થયા. છતાંય એક પણ ઊંદર હાથ ન લાગ્યો.

જેક સ્મિથને એક લાખ પાઉન્ડ મળ્યા. તેના લગ્ન ચેરમેનની દિકરી સાથે એક આલીશાન વહાણ પર કરવાનું નક્કી કરવામાં આવ્યું. તે ચર્ચમાં લગ્ન કરવા નહોતો ઈચ્છતો. રજિસ્ટ્રારની ઓફિસ માટે પણ તેને નફરત હતી. તેણે એક મોટું જહાજ ભાડે લીધું. કિનારાથી ત્રણ કિલોમીટર દૂર ગયા પછી જહાજના કપ્તાને તેના લગ્ન કરાવ્યા.

સમય જતાં તેને બે દિકરી અને બે દિકરા થયા. જેકને બી.બી.સી.માં એન્જિનિયરની સારી નોકરી મળી ગઈ. જો એ ધારત તો એક લાખ પાઉન્ડમાંથી આખી જીંદગી બેઠા બેઠા ખાઈ શકત. પરંતુ તેને વાયરલેસ માટે એટલો પ્રેમ હતો કે તે જીંદગીભર તેનાથી રમવાનું ઈચ્છતો હતો.

જેકની બહેને ઉમરાવ સાથે લગ્ન કરી લીધા અને રાણી બની ગઈ. તેના સેંડલની એડીમાં હિરા જડેલા છે, જે તેના પતિના બૂટમાં લાગેલી સોનાની ખિલ્લીઓ સાથે સારી રીતે શોભે છે. જેકે તેના બંને ભાઈઓ જીમ અને ચાર્લ્સને ઘણું બધું ધન આપ્યું જેથી તેઓ પોતાના શોખ અને આવડત મુજબ પોતાનો કારભાર ચલાવી શકે.

જિમે પૈસાથી કાળી ટોપી અને જાદૂની લાકડી ખરીદી. તે એક મશહૂર જાદૂગર બન્યો. ચાર્લ્સ યુનિવર્સિટીમાં કેમિસ્ટ્રીનો પ્રોફેસર બન્યો. હું પણ એક પ્રોફેસર છું અને તેને સારી રીતે ઓળખું છું. ત્યાર બાદ બધાએ સમજણ અને સુખપૂર્વક આનંદમય જીવન વિતાવ્યું.



## રાક્ષસ જેવો ઊંદર



થોભી જા તું જરાક વાર, તને મારો ભાઈ કરું,
હમણાં મારું કૂદકો, પલકારામાં ઠાર કરું.



રહેવા દો બિલ્લીભાઈ, ઉતાવળમાં નથી માલ,
વખતે હું થઈ ગયો જાડો તો બૂરા તમારા હાલ.



કાન છે સઢ જેવા ને આંખો રકાબી ગોળ,
બચાવો રે બચાવો ! — કરે બિલ્લી રડારોળ.